# રાજ્યમાં કોરોનાના કેસ બે હજારને પાર

## ૨૮ જિલ્લામાં કોરોનાનો ફૂંફાડો : બીજી તરફ રસીકરણના મુદ્દે સરકાર મજબુતીથી લડી રહી છે, રાજ્યમાં ૮૭૩૪૫૭ કુલ રસીના ડોઝ આપવામાં આવ્યા

ગુજરાતમાં કોરોનાનો રાફડો ફાટ્યો હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં આજે કોરોનાના ૨૨૬૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૪૦ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૯,૨૮૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૭.૮૫ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૮,૭૩,૪૫૭ કુલ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ રાજ્યમાં કુલ ૭૮૮૧ કુલ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૮ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૭૮૬૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધી કુલ ૮,૧૯,૨૮૭ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. ૧૦૧૨૫ નાગરિકો કોરોનાને કારણે મૃત્યુ પામી ચુક્યા છે. આજે કોરોનાને કારણે ૨ નાગરિકોનાં મોત થયા છે. એક અરવલ્લીમાં જ્યારે એક નાગરિકનું નવસારીમાં મોત થયું છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨૪ને પ્રથમ ૨૪૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૮૦૧૪ નાગરિકોને રસીનો પ્રથણ અને ૩૬૧૧૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૫૪૬૮૫ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૯૬૨૨૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના તરૂણોમાં ૫૭૮૭૪૯ ને આજે રસીનો પ્રથમ ડોઝ અપાયો હતો. આ પ્રકારે રાજ્યમાં કુલ ૮,૭૩,૪૫૭ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૯,૧૩,૦૮,૮૩૦ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

## ગાંધીનગરમાં કોરોનાના દર્દી પૈકી સિવિલમાં ૩ ટકા સારવાર હેઠળ

ગાંધીનગર શહેર-જિલ્લામાં મંગળવારના રોજ કોરોનાના ૩૫ કેસ નોંધાયા છે. છેલ્લા ચાર દિવસમાં ગાંધીનગરમાં કોરોનાના કેસમાં ચિંતાજનક રીતે વધારો થતા આંકડો ૧૦૦ ને પાર થઈ ગયો છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કોરોના વોર્ડમાં માત્ર ૩ ટકા દર્દીઓ જ સારવાર હેઠળ છે.

મળતી વિગત મુજબ પાટનગરને કોરોના ફરીવાર ભરડો લઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. કોરોનાનો આંકડો ૧૦૦ ને પાર કરી ગયો છે. શહેરમાં વધતા જતા કોરોના કેસનો સંખ્યા જોઈ નગરજનોમાં પણ ભય ફેલાયો છે. શહેરમાં જે ગતિએ કોરોના કેસ સામે આવી રહ્યા છે તે જોઈને તંત્રની પણ ચિંતામાં વધારો થયો છે. ત્યારે કોરોનામાં મહિલા દર્દીઓ અને યુવા દર્દીઓની સંખ્યા સવિશેષ જોવા મળી રહી છે. ત્યારે ગાંધીનગરમાં કોરોના કેસના ૩ ટકા એટલે કે ૩ દર્દીઓ સિવિલમાં કોરોના વોર્ડમાં સારવાર હેઠળ છે.જયારે બાકીના દર્દીઓ હોમ આઈસોલેશન વિકલ્પ પસંદ કર્યો હશે.જયારે ગાંધીનગર સિવિલમાં પાંચમા માળે કોરોના વોર્ડ અને ઓમીક્રોન વોર્ડ તૈયાર છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા ખાસ આ વોર્ડ માટે સ્ટાફ સહિતની અલાયદી વ્યવસ્થા પણ ઉભી કરી દેવાઈ છે.

# રસીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં બાળકોનું વેક્સિનેશન કાર્યક્રમ પૂરજોશમાં ચાલી રહ્યો છે. ગુજરાતમાં ૧૫થી ૧૮ વર્ષના વયના બાળકોએ વેક્સિનેશનના પહેલા જ દિવસે કુલ ૫.૩૪ લાખ વિદ્યાર્થીઓને કોવિડ ૧૯ સામે રોગપ્રતિકારક રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. કિશોરવયના બાળકો માટે ૯ જાન્યુઆરી સુધી રસીકરણની ડ્રાઈવ ચાલશે. ૭મી જાન્યુઆરીએ મેગા ડ્રાઈવ થતી જે કિશોરો શાળા કે કોલેજમાં જતા નથી અથવા તો વેક્સિન માટે ઉપલબ્ધ થયા નથી તેમને ઘરે જઈને પહેલો ડોઝ આપવાનું આયોજન છે. ત્યારબાદ ૧૦ જાન્યુઆરીથી સિનિયર સિટિઝન સહિત કોરોના વોરિયર્સ અને ફ્રન્ટ લાઈન વર્કરોને ત્રીજો ડોઝ આપવા અભિયાન શરૂ થશે. રસી મળવાના કારણે હવે બાળકો પણ સુરક્ષિત થશે તેના કારણે આગામી સમયમાં કોરોનાનો ભય ઘટશે. રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ટ્વીટ કરીને માહિતી આપી હતી કે, ગુજરાતમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના બાળકોને ઈર્ઝ્રફૈંદ્ઘ૧૯ રસીકરણના પ્રથમ દિવસે જ ૫.૩૪ લાખ ડોઝ નિ:શુલ્ક આપી કોરોના સામે કવચ પૂરું પાડવા બદલ માન. વડાપ્રધાન શ્રી જહટ્ટીહદ્ઘંટ્ટિર્દ્ઘદ્ઘૈ જીનો હૃદયપૂર્વક આભાર. આ કાર્યને સફળતા પૂર્વક પાર પાડવા બદલ તમામ આરોગ્યકર્મીઓ, ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને અભિનંદન. અત્રે નોંધનીય છે કે રાજ્યના સીએમ ભૂપેન્દ્ર પટેલે સોમવારે ગાંધીનગર પાસેના કોબા પાસેની શાળામાંથી ગુજરાતમાં તેનો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં કિશોરવયના ૩૬ લાખ બાળકો છે. એ તમામને એક જ અઠવાડિયામાં વેક્સિનેટેડ કરવા રાજ્યનું આરોગ્ય તંત્ર સજ્જ છે. દેશભરમાં કિશોરોના રસીકરણના પહેલા દિવસે સોમવારે કુલ ૪૨ લાખ કિશોરોને રસી આપવામાં આવી હતી. સૌથી વધુ ૭.૫ લાખ કિશોરોને મધ્ય પ્રદેશમાં રસી અપાઈ હતી. જ્યારે ૫.૫૦ લાખ સાથે ગુજરાત દેશમાં બીજા ક્રમે છે. દેશમાં ૭.૪ કરોડ વસ્તી ૧૫થી ૧૮ વર્ષની વયના કિશોરોની છે. જો આ જ ગતિએ રસીકરણ જારી રહેશે તો માત્ર ૧૮ દિવસમાં આ વયજૂથના તમામ લોકોને પ્રથમ ડોઝ મળી જશે.

# શહેરમાં બે હજાર પોલીસ કાફલાએ રૂટ બંદોબસ્ત તૈયાર કર્યો

## બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટમ દ્વારા ડિટેક્ટરથી ચકાસણી હાથ ધરાઈ

ગાંધીનગર શહેરમાં યોજાનાર ત્રિ-દિવસીય વાઈબ્રન્ટ સમિટની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. શહેરમાં આયોજીત વાઈબ્રન્ટ સમિટને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે કોરોનાના કેસ પણ દિન પ્રતિદિન વધી રહ્યા છે. જેથી વાઈબ્રન્ટમાં મોંઘેરા મહેમાનોના આરોગ્યની ચિંતાને ધ્યાને રાખી વિશેષ કાળજી લેવા તંત્ર સજજ બન્યું છે. મહાત્મા મંદિર ખાતે વેકિસનના બે ડોઝ લીધા હશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે. જયારે કોરોનાના શંકાસ્પદ લક્ષણ ધરાવતા વ્યકિત નજરે પડે તો તેને બહારથી જ અટકાવી દેવાની વ્યવસ્થા કરાઈ છે. જયારે શંકાસ્પદ લક્ષણ ધરાવતા વ્યકિતનો તાત્કાલીક આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવશે અને તેનો રીપોર્ટ ન આવે ત્યાં સુધી તેમને આઈસોલેશન રૂમમાં રાખવામાં આવશે. રીપોર્ટ નેગેટીવ આવ્યા બાદ મહાત્મા મંદિર ખાતે પ્રવેશ આપવામાં




આવશે. સમગ્ર દુનિયાની નજર વાઈબ્રન્ટ મહોત્સવ પર છે. ત્યારે તંત્ર એ બે મોરચે ટકકર લેવાની છે. મહોત્સવમાં આવનાર વીઆઈપી મહેમાનો તેમજ કોરોના વાઈરસને રોકવા માટે લોખંડી બંદોબસ્ત ગોઠવવાના પડકાર સામે અત્યારે તંત્ર ઝઝુમી રહ્યું છે. મોંઘેરા મહેમાનોની સલામતીને ધ્યાને રાખીને પોલીસ તંત્ર દ્વારા અઠવાડીયા અગાઉથી જ મોરચો સંભાળી લીધો છે. જયારે મંગળવારના રોજ પોલીસ તંત્ર દ્વારા રૂટ બંદોબસ્તને આખરી ઓપ અપાયો હતો. પોલીસ ટીમે મહાત્મા મંદિર, રેલ્વે સ્ટેશન, સેન્ટ્રલ વિસ્ટા સહિતના વિસ્તારથી લઈને મહાનુભાવોના આવન-જાવન માટેના રૂટનુ નિરીક્ષણ કર્યું હતું. ઉચ્ચકક્ષાના અધિકારીઓ થી લઈને પોલીસ કોન્સ્ટેબલ સુધીના ૨૦૦૦ પોલીસ કર્મચારીઓએ રૂટ પર આવતા પોઈન્ટની ચકાસીને સાચા અર્થમાં લોખંડી બંદોબસ્ત રાકળા પૂર્વ તૈયારીઓ કરી હતી. રૂટ બંદોબસ્તમાં ગાંધીનગર રેન્જમાં આવતા વિવિધ જિલ્લાના પોલીસ અધિકારી-કર્મચારીઓ સહિત સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતા પોલીસ જવાનો પણ ખડે પગે વાઈબ્રન્ટમાં ફરજ પર હાજર રહેશે. વાઈબ્રન્ટમાં થ્રી લેયર સુરક્ષા કવચ રાખવામાં આવશે. રૂટ બંદોબસ્તની તૈયારી માટે પોલીસની સાથે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમ પણ જોડાઈ હતી અને મહાત્મા મંદિર અને આસપાસના વિસ્તારોમાં ડિટેકટરથી ચકાસણી હાથ ધરી હતી. તે ઉપરાંત સમગ્ર ટીમે આસપાસના વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું.

# સાબરકાંઠામાં કોરોનાના ૪ નવા પોઝિટિવ કેસ

આખરે જે દહેશત હતી તે સાચી ઠરી છે. હિંમતનગર તાલુકાની દેરોલ પ્રા.શાળાનાં શિક્ષિકા કોરોના સંક્રમિત થતાં હોમ આઈસોલેશન કરાયા છે. દેરોલ પ્રા. શાળાના તમામ સ્ટાફ અને તમામ બાળકોના આરોગ્યની ચકાસણી કરવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા દેરોલ મેડીકલ ઓફીસરને સૂચના આપવામાં આવી છે. સાબરકાંઠામાં સોમવારે વધુ ૪ નવા કોરોના પોઝિટિવ ક્સ નોંધાયા છે જેમાં હિંમતનગરમાં ૩ અને ખેડબ્રહ્માના નીચીધનાલમાં ૧ પોઝિટિવ કેસ નોંધાયો છે. સતત કોરોનાના સંક્રમણમાં વધારો થવાથી ખાસ કરીને હિંમતનગરમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં વધારો થઈ રહ્યો છે.

રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેર શરૂ થઈ ગઈ છે. સાબરકાંઠા ક્લેક્ટરે કોરોનાનું સંક્રમણ વકરતાં ૪ થી વધુ લોકોના ભેગા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અમલી બનાવ્યું છે પરંતુ તેનો ક્યાંય અમલ દેખાતો નથી. બહુમાળી ભવન, જિલ્લા પંચાયત, બજાર અને શીપીંગ મોલમાં કોરોનાને નિમંત્રણ આપે તેવી ભીડ જોવા મળી રહી છે. હિંમતનગર શહેર અને તેના આસપાસના વિસ્તારો વધુ ને વધુ પ્રમાણમાં કોરોનાના ભરડામાં આવતાં પ્રજાની દહેશત સ્વાભાવિક છે. મંગળવારે હિંમતનગરની નિલકંઠ સોસાયટી, ખેડતસીયા રોડ, ઉમિયાનગર સોસાયટીમાં કોરોનાના વધુ ૩ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાં ૨ પોઝિટિવ કેસની ટ્રાવેલ હિસ્ટ્રી ગાંધીનગરની મુસાફરી હોવાનું સામે આવ્યું છે.

### રામભરોસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડી ગઈ હતી. આ ઉપરાંત શાળા કોલેજો પણ બંધ હોવાથી વિદ્યાર્થી પાસ યોજના તેમજ મુસાફર પાસ યોજના અન્વયે પણ એસ ટી ને પ્રતિવર્ષ થતી આવકમાં ઘટાડો થયો હતો. જો કે છેલ્લા છ મહીનાથી એસ ટી બસના પૈડા ટ્રેક પર દોડતા થયા બાદ એસ ટી ની આવકમાં પણ સુધાર જોવા મળી રહ્યો છે. જયારે ગત વર્ષની સાપેક્ષમાં નોંધપાત્ર વધારો થયો છે. ગત વર્ષે ગાંધીનગર ડેપોએ અલબત્ત વર્ષ ૨૦૨૦ માં રૂ ૯.૪૭ કરોડની આવક કરી હતી. જયારે આ વર્ષે ૨૦૨૧ માં ગાંધીનગર ડેપોની આવક ૧૬. કરોડ થઈ છે. જે મુજબ ગત વર્ષ કરતા એસ ટી ડેપોએ રૂ ૭.૪૦ કરોડની આવક વધુ કરી છે. જો કે વર્ષ દરમિયાન થતી આવકમાં વિદ્યાર્થી પાસનો આંકડો નીચો છે. ઓનલાઈન શિક્ષણના ટ્રેન્ડ વચ્ચે વિદ્યાર્થીઓ શાળા કોલેજ ન જતા હોવાથી વિદ્યાર્થી પાસની આવકમાં રૂ ૧ લાખનો ઘટાડો થયો છે. જયારે ટ્રાફિક મુજબ થતી આવકમાં રૂ ૪.૯૩ કરોડ અને મુસાફર પાસ યોજના અન્વયે એસ ટી ને ગત વર્ષની સાપેક્ષમાં રૂ ૭૭ લાખની આવક વધુ થઈ છે. આ મુજબ ગાંધીનગર ડેપોની આવક ગત વર્ષની સાપેક્ષમાં વધી છે. બીજીતરફ ગાંધીનગર ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓના નામે મીંડુ હોવાનો રોષ દિનપ્રતિદિન વધી રહ્યો છે. દાયકાઓના અંતે પણ ડેપોમાં મુસાફરોની સલામતી માટે પોલીસ ચોકી કાર્યરત થઈ નથી. જયારે ડેપો સંકુલમાં પણ મુસાફરોની સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ છે. નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં દર બે દિવસે પીક પોકેટીંગ સહીત મોબાઈલ ચોરી જેવા બનાવો બને છે. આ સઘળી સ્થિતિને ધ્યાનમાં રાખીને ડેપોમાં પોલીસ પહેરો મુકવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. ગાંધીનગર ડેપોમાં રાજયના વિવિધ શહેરમાંથી મુલાકાતીઓ આવે છે. પાટનગર હોવાના નાતે સચિવાલય સહીત અન્ય સરકારી કચેરીઓ કાર્યરત હોવાથી મુલાકાતીઓની સંખ્યા વિશેષ રહે છે. જેને અનુલક્ષીને પણ ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી અને સુવિધા માટે યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

### ટ્રેન શરૂ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસાહત મહામંડળના બચુભાઈ પોરીયા સહીતના અગ્રણીઓએ ટ્રેઈનનુ પુષ્પો વડે સ્વાગત કર્યુ હતુ. આ ટ્રેઈન સાંજે ૫ :૨૫ કલાકે પરત આવી હતી ત્યારબાદ ૧૦ મિનીટના સ્ટોપ બાદ ટ્રેઈન તેના નિયત રૂટમાં ટ્રેક પર આગળ વધી હતી. ગાંધીનગર સ્ટેશનને નવી ટ્રેઈન મળતા નગરજનોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. ટ્રેઈન સેવાનો વ્યાપ દિનપ્રતિદિન વધતા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ આનંદની લાગણી વ્યકત કરી છે. ઉમગરગાંવ મહેસાણાની ટ્રેઈન શરૂ થતા પ્રથમ દિવસે પણ ગાંધીનગર સ્ટેશન પરથી મોટી સંખ્યામાં મુસાફરોએ આ ટ્રેઈન સેવાનો લાભ લીધો હતો. મહેસાણા જવા માટે આ ટ્રેઈન ઉપયોગી નિવડશે. જો કે આગામી ૧૬ જાન્યુઆરી સુધી આ ટ્રેઈન વાયા ગાંધીનગર થઈને દોડશે જયારે મુસાફરોની યોગ્ય સંખ્યા મળશે તો આ ટ્રેઈન સેવા આગળ વધારાશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### ૨૩ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાં ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાટમાં ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. ૨૮ વર્ષીય મહિલા અને ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર શહેરમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯માં આજે બે કેસ નોંધાયા છે. ૫૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્ર દ્વારા સે. ૧૯માં સઘન સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યુ છે. આજે નોંધાયેલા બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગઈકાલે પણ સે. ૧૯માં કેસ નોંધાયો હતો. આ પછી આજે બે કેસ નોંધાતા શહેરભરમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. સે. ૨૯ માં ૨૪ વર્ષીય યુવાન, સે. ૨૧માં ૧૭ વર્ષીય વિદ્યાર્થીની,સે. ૨૪માં ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં સે. ૧૭માં ૨૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને આ દર્દીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ પણ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક તાકીદ સાથે સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

શહેરમાં ૪૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા છે. શહેરમાં હાલ ૯૦ જેટલા એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. તંત્ર દ્વારા ૧૮૦૦થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

### ૧૨ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા પર પણ ભાર મુકવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે એક કેસ નોંધાયો છે. દહેગામ અર્બનમાં એક ૪૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ દહેગામ ભાજપના અગ્રણી સંક્રમિત થયા હોવાના અખબારી અહેવાલો વચ્ચે આજે પણ આ કેસ બતાવ્યો નથી. ગાંધીનગર તાલુકામાં શહેર નજીક આવેલ મિલીટ્રી કેમ્પમાં ૪ કેસ નોંધાયા છે. જેમાં એક નવ વર્ષનું બાળક તેમજ ૧૨ વર્ષની કિશોરી, ૩૩ વર્ષીય મહિલા અને ૩૮ વર્ષીય જવાન સંક્રમિત થતાં ચારેયને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ તાલુકામાં આજે ૬ કેસ નોંધાયા છે. કલોલ અર્બનમાં ૧, રાંચરડામાં ૩, સઈજમાં બે કેસ નોંધાયા છે. કલોલ અર્બન-૨ માં ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંચરડામાં ૨૦ વર્ષીય વિદ્યાર્થી, ૨૨ વર્ષીય વિદ્યાર્થીની તેમજ ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સઈજમાં ખાનગી નોકરી કરતા બે યુવાનોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. ૨૩ વર્ષીય યુવાન અને ૨૬ વર્ષીય યુવાનના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. માણસા તાલુકામાં બાપુપુરા ગામેથી એક ૨૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

સાત મહિના પછી કોરોનાએ સપાટો બોલાવ્યો હોવાથી તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે. આજે નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓ સંક્રમિતોના સંપર્કમાં આવતા સંક્રમિત થયા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ માઈક્રો કન્ટેનમેન્ટ પોલીસીનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ૩૦ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન હાલ હોવાનું જાણવા મળેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૫ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૬૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સઘન સર્વેલન્સની સાથે સાથે હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરવામાં આવી છે.

### દવા લોન્ચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે હવે જ્યારે આ એન્ટીવાયરલ દવાઓ માર્કેટમાં આવશે તો વૈશ્વિક ધોરણે કોરોનાની સારવાર માટે ગેમચેન્જર સાબિત થશે. મેનકાઈન્ડ ફાર્મા કંપનીનું જોડાણ બીડીઆર ફાર્માસ્યૂટિકલ્સ સાથે છે. આ કંપનીએ સોમવારના રોજ દિલ્હી અને દેશના અન્ય ભાગમાં એન્ટીવાયરલ દવા મોલુલાઈફ (૨૦૦ દ્બખ્ત) લોન્ચ કરી હતી. વધુમાં, સન ફાર્માએ આ દવાના આખા કોર્સની કિંમત ૧૫૦૦ રુપિયા નક્કી કરી છે.

### પેન્ડિંગ ડીએ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેબિનેટની આગામી બેઠકમાં નિર્ણય લેવામાં આવી શકે છે. આ બેઠકમાં ડીએ અને ડીઆરને વધારવાનો નિર્ણય પણ થઈ શકે છે. તે ઉપરાંત વળતર વધારવાની પણ તૈયારી છે. આ પહેલાં કેન્દ્ર સરકારે ગયા વર્ષે ઓક્ટોબરમાં ડીએ અને ડીઆરને ૧૭ ટકાથી વધારીને ૩૧ ટકા કરી દીધુ હતું.

### છાત્રા દટાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે વિદ્યાર્થીનીઓ પડી જાય છે. ત્યારબાદ તેમની સાથે ટકરાઈને એક પછી એક અનેક વિદ્યાર્થીનીઓ તેમના પર ટપોટપ પડે છે. પછી આયોજનકર્તાઓ અન્ય વિદ્યાર્થીનીઓની મદદથી દટાયેલી વિદ્યાર્થીનીઓ તથા ઘાયલ વિદ્યાર્થીનીઓને ઉઠાવે છે. કહેવાય છે કે કેટલીક વિદ્યાર્થીનીઓને મામૂલી ઈજા થઈ છે.


